બિલિવર્સ ઇસ્ટર્ન ચર્ચ
મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત. થોમસ કમ્યૂનિટી, તિરૂવલ્લા, કેરલા, ભારત.

<u>ઘેટાંપાળકનો પત્ર</u>

સપ્ટેમ્બર –ઓક્ટોબર ૨૦૨૩

સર્વ આર્ચ બિશપગણ અને બિશપગણ, યાજક અને ડીકન ફાધર, ઈવેન્જલિસ્ટ અને ઓર્ડર ઑફ સિસ્ટર્સ અને બિલિવર્સ ઇસ્ટર્ન ચર્ચના સર્વ વિશ્વાસીઓને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં આશિષ અને શુભેચ્છાઓ. આમીન!

ખ્રિસ્તમાં વહાલા,

રૂપાંતરણના પર્વ સમયે આપણને યાદ કરાવવામાં આવે છે કે આપણાં ઓર્થોડોક ખ્રિસ્તી જીવનનું લક્ષ્ય પરમેશ્વરના દૈવીય સ્વભાવમાં વધુ ને વધુ બદલતા જવું (૨ કરીંથીઓ ૩:૧૮),અને તે પ્રણામે કરવા માટે, પસ્તાવો જરૂરી છે. આ મહિને, ચાલો પસ્તાવાના કેટલાક પાસાઓ પર થોડું ધ્યાન આપીએ.

**<u>૧. પસ્તાવો એ સતત પ્રક્રિયા છે:</u>**

મંડળીના એક પ્રસિદ્ધ સંતે કહ્યું હતું તેમ, જીવવાના બે જ રસ્તા છે: ક્યાં તો આપણે પાપ ન કરવું જોઇએ અથવા જો કરીએ તો પસ્તાવો કરવો જોઈએ. ઉદ્ધારનો આ એકમાત્ર માર્ગ છે.

અને કારણ કે આપણાંમાંથી કોઈ પણ પાપ ન કરવા સક્ષમ નથી, તેથી આપણાંમાંના દરેકે સતત પસ્તાવો કરવો જોઈએ. પસ્તાવા માટે આપણી જૂની રીતો છોડીને ખ્રિસ્તના માર્ગને અપનાવવા આપણી ઈચ્છાની જરૂર છે. કારણ કે પવિત્ર આત્મા આપણને બતાવે છે કે આપણે ક્યાં બદલાવાની જરૂર છે. તેથી જ પ્રારંભિક મંડળીના પિતાઓએ ઇસુની પ્રાર્થના "પ્રભુ ઇસુ ખ્રિસ્ત, પરમેશ્વરના પુત્ર, મારા પર દયા કરો, હું પાપી છું, તેનું પુનરાવર્તન કરતાં હતા. અને જ્યારે આપણે તે પ્રમાણે કરીએ છીએ. ત્યારે પરમેશ્વર આપણને શુદ્ધ કરીને તેનો જવાબ આપે છે. સંત યોહાન જણાવે છે કે આ કેવી રીતે કાર્ય કરે છે: "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે." ( ૧ યોહાન ૧:૯)

**<u>૨. જૂઠો પસ્તાવો કરવાનું બંધ કરો.</u>**

સંત યોહાન બાપ્તિસ્માના સમયમાં ધાર્મિક યહુદીઓ તેમના ઉદ્ધાર અને અનંત સુરક્ષા માટે ઈબ્રાહિમના વંશના છીએ અને તેના પર તેઓ આધાર રાખતા. તેથી, તેમનો પસ્તાવો ઘણીવાર જૂઠો હતો, અને પરિમાણે તેમના જીવનમાં કઈપણ બદલાયું નથી. સંત યોહાન બાપ્તિસ્માનો  ઇઝરાયેલીઓ માટે એ સંદેશ હતો કે: "પોતાના મનમાં એમ ન કહેવા માંડો કે, ઇબ્રાહિમ અમારો બાપ છે, કેમ કે હું તમને કહું છું કે, દેવ આ પત્થરોમાંથી ઇબ્રાહિમને સારું વંશ ઉત્પન્ન કરી શકે છે"(લુક 3:8). કેટલીકવાર આપણે પણ આપણાં આધ્યાત્મિક અનુભવના બહાનાનો ઉપયોગ કરીએ છીએ,  સતત પસ્તાવાના મહત્વને અવગણીએ છીએ અને આપણી અંદરના બિનખ્રિસ્તી વર્તન પ્રત્યે આંધળા બની જઇએ છીએ.

પરિમાણે, આપણે આપણાં જીવનના ઘણા ક્ષેત્રોમાં આત્મિક રીતે વિકસિત થવામાં નિષ્ફળ જઇએ છીએ, અને આપણાં માટે ઈશ્વરની યોજનાઓ પૂર્ણ થતી નથી; આપણે ઘણા પ્રતિફળો પ્રાપ્ત કરવાથી વંચિત રહી જઇએ

છીએ જે પરમેશ્વર આપણને આપવા માંગે છે, અને આપણે આ દુનિયામાં પ્રભુ ઇસુ ખ્રિસ્તનું જે રીતે પ્રતિનિધિત્વ કરવું જોઈએ તે રીતે કરવામાં નિષ્ફળ જઇએ છીએ.

**<u>૩. સાચો પસ્તાવો: ખ્રિસ્તના જીવન સાથે "જૂની રીતો" ને બદલો</u>**

શું તે ગપસપ, ઈર્ષા,આળસ, ફરિયાદ, અન્યની ટીકા, અપ્રમાણિકતા, આજ્ઞાભંગ, અનૈતિક્તા, ક્ષમાશીલતા સ્વાર્થ, સમર્પણનો અભાવ, બળવો, લોભ, અપરાધ કે દેખાડો છે? કદાચ તમારી "જૂની રીતો" આ સૂચિમાં નથી, પરંતુ તમે જાણો છો કે તે શું છે.

સાચા અર્થમાં પસ્તાવો કરવાનો નિર્ણય લો અને આ બિનખ્રિસ્તી માર્ગો છોડી દો અને પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં જે જીવન છે તે ધારણ કરો, જેમ કે સંત પાઉલે લખ્યું છે: ચાલો આપણે અંધકારના કાર્યોને છોડી દઈએ એન પ્રભુ ઇસુ ખ્રિસ્તને ધારણ કરીએ. તમારી પહેલાની જીવનશૈલીના સંદર્ભમાં, તમે જૂના સ્વભાવને છોડી દો અને નવો સ્વભાવ ધારણ કરો, જે ઇશ્વરની સમાનતામાં,સત્યતામાં અને પવિત્રતામાં બનાવવામાં આવ્યો છે (રોમન૧૩:૧૨,૧૪, એફેસી ૪:૨૨,૨૪). ખ્રિસ્તમાં મારા વહાલા બાળકો, આપણે ક્યારેય આ વાતને ન ભૂલીએ કે ઉધ્ધાર એ દરરોજની પ્રક્રિયા છે, તેથી આવો આપણે ડર અને ભય સાથે ઉધ્ધારને પૂર્ણ કરવા માટે દરેક પ્રયાસ કરીએ. (ફિલિપ્પી ૨:૧૨).

ચાલો આપણે ભારતના મણિપુર રાજ્યમાં આપણાં ભાઈઓ અને બહેનોની સુરક્ષા અને ત્યાં શાંતિની સ્થાપના થાય માટે પ્રાર્થન કરવાનું ચાલુ રાખીએ.સર્વશક્તિમાન પરમેશ્વરની શાંતિ અને કૃપા સર્વદા તમારી સાથે બની રહે.

પવિત્ર મંડળીની સેવામાં, તારીખ: ૧૮ ઓગસ્ટ ૨૦૨૩

ખ્રિસ્તમાં તમારા પિતા સ્થળ: પવિત્ર સિનડ

એથનેશિયસ યોહાન 1 મેટ્રોપૉલિટન